શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે


# સર્વ શિક્ષા અભિયાન, પંચમહાલ

જિલ્લા પ્રોજેકટ ઓફિસ (એસ.એસ.એ.)
જિલ્લા પંચાયત કંપાઉન્ડ, બ્લોક નં.૬, બીજે માળ,
પંચમહાલ–ગોધરા
ફોન નં. (૦૨૬૭૨) ૨૫૩૩૭૩
E-Mail : dpcpanchamahal@gmail.com
Helpline No. 1800-233-2417


નં.એસએસએ/ટીટી/વશી/ ૨૧૮૮ થી ૩૮૪૦ તારીખ :– ૧૬/૩/૧૮

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
પ્રાથમિક શાળા, તમામ
(જિલ્લા પંચાયત/ગ્રાન્ટેડ/આશ્રમ શાળા)
જિ.પંચમહાલ.

**વિષય :– ગુણોત્સવ–૮ અંતર્ગત શાળા કક્ષાએ પૂર્વ તૈયારી કરવા બાબત.**

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય સરકારશ્રી ધ્વારા તમામ સરકારી, ગ્રાન્ટેડ, આશ્રમ શાળાઓમાં ભૌતિક સુવિધા, વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તર અને શાળામાં યોજાતી સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓના તલસ્પર્શી મૂલ્યાંકન માટે દર વર્ષે ગુણોત્સવ યોજાતો હોય છે. જેમાં બાળકોની શૈક્ષણિક સિધ્ધિનો ગુણભાર ૬૦ ટકા, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનો ગુણભાર ૨૦ ટકા અને સંસાધનોના ઉપયોગનો ગુણભાર ૨૦ ટકા એમ કુલ ૧૦૦ ટકા ગુણભારમાંથી શાળાને ખરેખર મળતા ગુણને આધારે શાળાનું ગ્રેડીંગ કરવામાં આવે છે. ચાલુ વર્ષે **તા.૬,૭ એપ્રિલ.૨૦૧૮** દરમ્યાન સરકારશ્રી ધ્વારા **ગુણોત્સવ–૮** નું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સરકારશ્રી ધ્વારા ગુણોત્સવમાં A+ અથવા A ગ્રેડ પ્રાપ્ત કરનાર શાળાને રૂા.૧૦,૦૦૦/– વિશેષ પુરસ્કાર પણ આ વર્ષે આપવામાં આવેલ છે. અત્યાર સુધી યોજાયેલ ગુણોત્સવ ૧ થી ૭ માં આપણા જિલ્લાનું પરિણામનું ચિત્ર આ મુજબ રહેવા પામેલ છે.

| | A+ | A | B | C | D | E | F | Total |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુણોત્સવ–૧ | 0 | 0 | 2 | 120 | 866 | 293 | 25 | 1306 |
| ગુણોત્સવ–૨ | 0 | 0 | 13 | 405 | 864 | 177 | 14 | 1473 |
| ગુણોત્સવ–૩ | 0 | 46 | 240 | 88 | 12 | 1 | 0 | 387 |
| ગુણોત્સવ–૪ | 3 | 180 | 939 | 330 | 19 | 0 | 0 | 1471 |
| ગુણોત્સવ–૫ | 19 | 402 | 792 | 211 | 49 | 0 | 0 | 1473 |
| ગુણોત્સવ–૬ | 33 | 762 | 590 | 68 | 22 | 0 | 0 | 1475 |
| ગુણોત્સવ–૭ | 73 | 928 | 499 | 21 | 6 | 0 | 0 | 1477 |

આમ ગત વર્ષનું ગુણોત્સવ–૭ નું પરિણામ જોતાં પંચમહાલ જિલ્લાની મોટા ભાગની શાળાઓએ A અને A+ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે. પરંતુ જે શાળાઓ હજુ પણ B,C અને D ગ્રેડ ધરાવે છે તે શાળાઓ ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરી શકે તે માટે નીચે મજુબની માર્ગદર્શક સૂચનાઓનું પૂર્વ તૈયારી માટે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) પ્રાર્થના સંમેલન આદર્શ બનાવવું જેમાં ધ્યાન, શ્લોક, પ્રાર્થના, ભજન, ધૂન, રાષ્ટ્રગીતનું લયબધ્ધ સામુહિક ગાન થાય તેમાં સંગીતના સાધનોનો યોગ્ય ઉપયોગ થાય. સુવિચાર, સમાચાર વાંચન, કિવઝ, ઉખાણા, સામાન્ય જ્ઞાન, ઘડિયાગાન, આજનો દિપક, આજનો ગુલાબ જેવી પ્રવૃત્તિઓનો સમય મર્યાદા ધ્યાને રાખી સમાવેશ કરવો. યૌગીક ક્રિયાઓ ફરજીયાત કરાવવી, પ્રાર્થના સંમેલનનું સંચાલન ફરજીયાત બાળકો (૧–કુમાર, ૧–કન્યા) સરખી ભાગીદારી રાખવી.

Scanned by CamScanner

(૨) શાળાના સમગ્ર કેમ્પસની સ્વચ્છતા જાળવવી, મુખ્ય શિક્ષકની ઓફિસ સહિત તમામ વર્ગોમાં સાધન સામગ્રી તથા શૈક્ષણિક સાધનોની યોગ્ય ગોઠવણી આવશ્યક છે. કેમ્પસમાં બાગ–બગીચાની જાળવણી થાય, ઔષધબાગ તથા કીચન ગાર્ડનની જાળવણી તેમજ અન્ય ઈકોકલબ અંતર્ગતની પ્રવૃત્તિઓ અસરકારક બનાવવી. વેસ્ટ પાણીનો ઉપયોગ બગીચામાં જ થાય તે મુજબનું આયોજન કરવું.

(૩) પીવાના પાણીની વ્યવસ્થા સુવ્યવસ્થિત કરવી, પાણીની ટાંકીની સફાઈ, નળ યોગ્ય ઉંચાઈએ અને પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. ગ્લાસની સફાઈ હોય તથા બાળકો પીવાના પાણીનો બગાડ ન કરે તે મુજબ આયોજન કરવું. વેસ્ટ પાણીનો ઉપયોગ શાળાના બાગ–બગીચા, ઔષધબાગ કે કીચન ગાર્ડનમાં કરવો.

(૪) શાળામાં આવેલ શૌચાલયની સફાઈ વ્યવસ્થિત રીતે નિયમિત થતી હોવી જોઈએ. તે માટે જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ હોવી જોઈએ. બાળકો ફરજીયાત શૌચાલયનો જ ઉપયોગ કરે તે સુનિશ્ચિત કરવું.

(૫) મધ્યાહન ભોજન યોજના અંતર્ગત તમામ બાળકોની સંપુર્ણ કાળજી રાખવી. અનાજ, કઠોળ તથા મસાલા અને અન્ય તમામ સામગ્રીનો સ્ટોક ફરજીયાત કીચનના સ્ટોરરૂમમાં જ રખાય. કિચન શેડની સફાઈ નિયમિત થતી હોવી જોઈએ. રસોડામાં વધારાના તમામ સાધનોની સફાઈ યોગ્ય રીતે થાય, શાકભાજી પાણીથી ધોયા પછી જ ઉપયોગમાં લેવાય અને તમામ બાળકો પોતાની થાળી / ડીશ તથા પોતાના હાથ ધોયા પછી જ હારબંધ ભોજન માટે લાયનબંધ બેસે અને બધા બાળકોને પીરસાયા પછી પ્રાર્થના બોલી સાથે ભોજન લે તે પ્રમાણે ટેવ વિકસાવવી.

(૬) શાળામાં કમ્પ્યુટર લેબનો ઉપયોગ મહત્તમ રીતે થાય અને ધો.૫ થી ૮ ના બાળકોને કમ્પ્યુટર ધ્વારા વિષયવસ્તુનું શિક્ષણ મળી રહે તે માટે ટાઈમ ટેબલ મુજબ અમલીકરણ કરવું. કમ્પ્યુટર લેબમાં તમામ સાધન સામગ્રીની નિયમિત સાફસફાઈ કરવી. કમ્પ્યુટર શિક્ષણ માટે નિભાવેલ રજીસ્ટર અપડેટ રાખવું.

(૭) શાળા પુસ્તકાલય સમૃધ્ધ બનાવવા છેલ્લા ૪–૫ વર્ષથી પુસ્તકોની ખરીદી માટે ગ્રાન્ટ આપવામાં આવેલ છે. પુસ્તકોની ગોઠવણી યોગ્ય રીતે રાખવી. શિક્ષકો અને બાળકોએ વાંચન માટે ઉપયોગમાં લીધેલ પુસ્તકોની નોંધ પુસ્તક ઈસ્યુ રજીસ્ટરમાં આવશ્યક છે.

(૮) શાળાના બાળકોએ રમતોત્સવ / ખેલ મહાકુંભમાં કલસ્ટર / તાલુકા કે જિલ્લા અને રાજય કક્ષાએ ભાગ લીધેલ હોય તેની વિગતો ડોકયુમેન્ટેશન તૈયાર રાખવું.

(૯) ગણિત–વિજ્ઞાન પ્રદર્શનની કલસ્ટર / બ્લોક કે જિલ્લા અને રાજય કક્ષાએ બાળકોએ રજુ કરેલ કૃતિ તથા મેળવેલ સ્થાન / પુરસ્કાર અંગેની વિગત આધારો સાથે તૈયાર રાખવી.

(૧૦) સમગ્ર વર્ષ દરમિયાન શાળા / વર્ગમાં કરવામાં આવેલ સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે, શૈક્ષણિક પ્રવાસ, વિવિધ દિનની ઉજવણી, વાર્ષિકોત્સવ, ગુણોત્સવ વિગેરેની ડોકયુમેન્ટેશન તૈયાર કરવું.

(૧૧) બાળકોની શૈક્ષણિક અભિવૃધ્ધિ માટે ધો.૨ થી ૫ ના બાળકોને વાંચન, લેખન, ગણનનો સતત મહાવરો કરાવવો, મોક ટેસ્ટ લેવો, લેખન માટે શ્રુત લેખનનો મહાવરો કરાવવો, મહાવરા માટે ગત ગુણોત્સવના સાહિત્યનો ઉપયોગ કરી શકાય. મોક ટેસ્ટ ધ્વારા બાળકોનું ઉપચારાત્મક કાર્ય કરતાં રહેવું. ધો. ૬ થી ૮ ના બાળકોને વિષય શિક્ષક ધ્વારા પ્રશ્નપત્રનું નિર્માણ કરી OMR માં મોક ટેસ્ટ ધ્વારા મહાવરો કરાવવો.

Scanned by CamScanner

(૧૨) એસ.એમ.સી. ની બેઠક બોલાવી તમામ સભ્યોની ગુણોત્સવ–૮ માટે માહિતગાર કરવા. ચાલુ વર્ષે શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીની ચર્ચા કરવી. અનિયમિત બાળકો માટે સતત વાલી સંપર્ક કરવો. ૧૦૦ ટકા બાળકોની હાજરી જાળવવી. એસ.એમ.સી. સભ્યોનો સહયોગ મેળવવો.

(૧૩) "જ્ઞાનકુંજ" પ્રોજેકટ ધરાવતી શાળાઓએ બાળકોને ટેકનોલોજી ધ્વારા અપાયેલ શિક્ષણથી થયેલ વિશેષ લાભનો અહેવાલ બનાવવો. બાળકોના SCE પત્રકોમાં સંપૂર્ણ માહિતી / મૂલ્યાંકન અપડેટ કરવું.

(૧૪) ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મેળવતી શાળાઓએ બાળકોની વિગતો / ખર્ચની વિગતો તૈયાર રાખવી.

ઉપરોકત માર્ગદર્શક સૂચનાઓના અમલ માટે તમામ શાળાઓના આચાર્યશ્રી ધ્વારા શાળા કક્ષાએ ગુણોત્સવ–૮ સંદર્ભે અલાયદી ફાઈલ નિભાવી શાળા કક્ષાએ થયેલ ગુણોત્સવ–૮ સંદર્ભેની કામગીરીનું ડોકયુમેન્ટેશન નિભાવવું તથા ગુણોત્સવ સંદર્ભે થનાર પરિપત્રો સંદર્ભે શાળાકક્ષાએ સુચારૂ આયોજન અને કામગીરી અર્થે શાળાના શિક્ષકોને સૂચન / માર્ગદર્શન આપવાનું રહેશે. સંબંધિત સી.આર.સી.કો.ઓ.શ્રી ધ્વારા પણ શાળા કક્ષાએ નિભાવેલ ગુણોત્સવ ફાઈલ ચકાસી મુખ્ય શિક્ષક તથા શિક્ષકોને જરૂરી સૂચન / માર્ગદર્શન આપવાનું રહેશે. અને કલસ્ટર કક્ષાએ ગુણોત્સવ–૮ સંદર્ભે કરેલ કામગીરીની ફાઈલ સી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રીએ પણ નિભાવવાની રહેશે. બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રીઓ ધ્વારા પણ પોતાના બ્લોકની શાળાઓમાં મુલાકાત દરમ્યાન ઉકત માર્ગદર્શક સૂચનાઓના પાલન માટે વિશેષ માર્ગદર્શન / મોનીટરીંગ કરવાનું રહેશે. તેમજ જિલ્લા કક્ષાએથી તમામ ઓ.આઈ.સી.શ્રીઓ ધ્વારા પણ ગુણોત્સવ–૮ સંદર્ભે શાળા મુલાકાત દરમ્યાન ઉપરોકત માર્ગદર્શક સૂચનાઓનું અમલ કરાવવા માટે સતત માર્ગદર્શન અને મોનીટરીંગ કરવા જણાવવામાં આવે છે.

**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર**
**અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**પંચમહાલ–ગોધરા**

<u>સવિનય નકલ રવાના</u> :–

માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.પી.ઓ. ગાંધીનગર તરફ જાણ સારૂ.

<u>નકલ રવાના</u> :–

(૧) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ.પંચમહાલ તરફ જાણ તથા અમલીકરણ કરાવવા સારૂ.
(૨) બી.આર.સી./સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી, તમામ જિ.પંચમહાલ તરફ જાણ તથા અમલીકરણ કરાવવા સારૂ.

Scanned by CamScanner